# સવારમાં 'સર' નું સ્વાગત


ન બોલવામાં નવ ગુણ
★ નટવર પંડયા

અજાણ્યો અવાજ અને અજાણ્યું સંબોધન આપણને આશ્ચર્યચકિત કરી મૂકે છે. એક વહેલી સવારે આવો અજાણ્યો અવાજ મારા કાન પર અથડાયો. "ઓ..ઓ..સર, પ્લી..ઈ.ઈ..ઝ, હેલ્લો સર પ્લી ઇ..ઇ..ઝ," મેં અવાજની દિશામાં જોયું તો થોડે દૂર એક રિક્ષાવાળો મને આટલી વહેલી સવારમાં 'સર' કહીને ઉનાળાના ઉષ્માભર્યા વાતાવરણમાં મારું ઉષ્માભર્યું સ્વાગત કરી રહ્યો હતો. મને ઘણો આનંદ થયો કારણ કે આજથી વીસેક વર્ષ પહેલાં એક માણસે મને 'સર' કહ્યો હતો. ત્યાર પછી કોઈએ સર કહ્યો નથી. મારા મનમાં એક ક્ષણ માટે વિચારો ઉભરાઈ આવ્યા. મને થયું કે "હું કેવો સર લાગતો હોઈશ!?" ડેપ્યુટી કલેક્ટર જેવો, કોઈ IPS, IAS ઓફિસર જેવો! કોઈ ઈન્કમટેક્સ ઓફિસર જેવો, કોઈ જબરદસ્ત કંપનીઓનો CEO, કોઈ ડાયમંડની ઈમ્પોર્ટ- એક્સપોર્ટ કંપનીના CEO જેવો, કોઈ પ્રતિષ્ઠિત કોલેજનો પ્રિન્સિપાલ કે પછી પ્રાથમિક શાળાનો માસ્તર! આટલામાંથી કોઈ પણ પ્રકારે સર લાગું તો ય આપણને કોઈ વાંધો નહોતો. સર શબ્દે વર્ષો પછી આજ મારા કર્ણપટલ પર સુખદ ધ્વનિતરંગો સર્જ્યા હતા. મને ખાતરી થઈ ગઈ કે 'સર' તો મને જ કહ્યો છે એટલે હું એ તરફ જોઈને હસ્યો. મને પાકકી ખાતરી થઈ ગઈ કે સરને એટલે કે મને પગે ચાલીને જતો જોઈને એણે રિક્ષા થોભાવી છે અને તે મને રિક્ષાની સેવા પૂરી પાડવા માંગે છે.

મેં ફરી એક વાર મારાં કપડાં પર નજર નાખી. મને મનોમન ખાતરી થઈ ગઈ કે હું કોઈ સરકારી કચેરીનો મોટો 'સર' હોઉં એવો લાગું છું. 'સર હોવું' અને 'સર લાગવું' આ બંનેમાં હાથીઘોડાનો ફરક છે. મને ખાતરી છે કે આવતા સાત ભવમાં ય આપણે સર તો થવાના જ નથી માટે સર જેવા લાગીને જ રોળવવું પડશે, એ જ સારું પડે કારણ કે સર બનવા માટે બહુ હાયવોય કરવી પડે એના કરતાં 'સર લાગવું' બહુ સસ્તું પડે.

કેટલીક વાર એવું પણ જોવા મળે છે કે શરીરે મજબૂત દેખાતા માણસને વિચારો નબળા (પોતાને ગભરાવી મૂકે એવા) આવતા હોય છે. જ્યારે શરીરે સાવ ખેંખલી લાગતા માણસના મનમાં વિચારો ફૌલાદી આવતા હોય છે પણ તેને શરીર સાથ નથી આપતું એટલે વિચારો વિચારો જ રહી જાય છે. આમ તો જો કે મને નબળા (એટલે કે હું ગભરાઈ જાઉં એવા) વિચારો બહુ આવે નહીં પણ અહીં મને બીજી જ ક્ષણે નબળો વિચાર એ આવ્યો કે આ સાલો મને સર કહીને ઊછીના પૈસા તો નહીં માંગે ને! જો પૈસા માગે તો આપણે કોઈ પણ પ્રકારે સર નથી એ ત્યાં જાહેર રોડ પર સાબિત કરવું પડે, 'ને પાંચ માણસો સાંભળે તો આપણી આબરૂનું શું! વળી એક વિચારમાંથી બીજો વિચાર એ પ્રગટ્યો કે એને એટલી અક્કલ નહીં હોય કે સર આવી સુમસામ ગલીઓમાંથી ચાલીને ન નીકળે. ગાડીમાં જ નીકળે. જે હોય તે પણ હવે તેણે આપેલું સરનું બિરુદ મારે સ્વીકારવું જ રહ્યું અને સાર્થક કરવું જ રહ્યું. તે માટે તેના મોઢામોઢ તો થવું જ રહ્યું. હવે તેનાથી મોં છુપાવી શકાય નહીં. એના શબ્દોથી મારી અંદરનું સરત્વ જાગ્યું પણ મને થોડી બીકે ય લાગી કે ચાલો મને સર ધારીને લૂંટવાના ઈરાદાથી છરીબરી તો નહીં મારી દે ને. જો કે અમને છરી મારવાની જરૂર ન પડે ફક્ત બતાવે ત્યાં જ કામ પતી જાય. (એને તો ધક્કો માથે જ પડે.) પછી યાદ આવ્યું કે છરીઓ મારવાવાળા આ રીતે આમંત્રણ પાઠવીને છરી હુલાવવાના કાર્યક્રમનું સુંદર આયોજન કરતા નથી. એ તો સીધા જ આંતરડા બહાર કાઢી નાખે એટલે છરીનો ભય તો મનમાંથી નાબૂદ થયો.

આટલી ઊંડી મથામણને અંતે એની પાસે જવાનો નિર્ણય કર્યો. એટલું જ નહીં નિર્ણયને અમલમાં પણ મૂક્યો અને એ દિશામાં ધીમી છતાં મક્કમ ગતિએ કદમ માંડ્યા. મને ખાતરી હતી કે એમાં આપણે કાંઈ ગુમાવવાનું નથી અને એને કાંઈ મળવાનું નથી.




અલ્યા એક બાજુ તું સર કહે છે અને બીજી બાજુ ધક્કો મારવાનું કહે છે પણ આ રિક્ષાવાળો ધાર્યા કરતાં ઉચ્ચ કક્ષાનો બુદ્ધિજીવી નીકળ્યો. મને કહે, સર તમારા જેવા ધક્કા મારે તો અમારા જેવા નાના માણસની ઈજ્જત વધી જાય. લોકો જુએ તો પણ અમારી વાહ વાહ કરે કે પેલો રિક્ષાવાળો તો જુઓ આટલા મોટા સર પાસે ધક્કા મરાવે છે

વળી શારીરિક રીતે એ મારા કરતાં મજબૂત દેખાતો નહોતો એટલે એની સાથે બથ્થંબથ્થા કરવી પડે તો પણ આપણને મોટું નુકસાન થાય એવું લાગતું નહોતું. જો કે આપણે તો કોઈને પ્રેમથી ભેટીએ તો ય બીતાં બીતાં, એમાં બથ્થંબથ્થાની તો વાત જ ક્યાં રહી. છેવટે એની પાસે પહોંચ્યો. તે ફરીથી બોલ્યો, "સર ગુડ મોર્નિંગ."

મેં કહ્યું, "વેરી ગુડ મોર્નિંગ, દોસ્ત." એટલે એણે મારી સમક્ષ દરખાસ્ત મૂકી કે ''સર જરાક ધક્કો મારી દો ને!'' હું સીધો જ તેને ધક્કો મારવા દોડ્યો. ધરમના કામમાં ઢીલ શી! આપણને ધક્કા મારવાનું થોડું ઘણું ફાવે ય ખરું. ભૂતકાળમાં આપણે ઉત્તમ કહી શકાય એવા દોઢ ડઝન ધક્કા બુફેની લાઈનમાં મારેલા છે. એમ તો બસમાં ચડવામાં કે ટ્રેનના જનરલ ડબ્બામાં ચડવા માટે પણ નિષ્ઠાપૂર્વક ધક્કામુકકી કરેલી છે. એ ધક્કામુકકીની કળાનો સદુપયોગ કરવાનો સમય આજે પાકી ગયો છે એવું વિચારીને મેં તેને ધક્કો મારવા દોટ દીધી. તે પરિસ્થિતિ પામી ગયો અને કૂદકો મારીને બાજુમાં ખસી જઈને ઊંચા અને ભયભીત અવાજે બોલ્યો, "સર, ધક્કો મને નહીં રિક્ષાને મારવાનો છે." તેના શબ્દો સાંભળી હું તરત જ બગડેલી રિક્ષાની જેમ અટકી ગયો. જો તેણે બોલવામાં ફક્ત ત્રીસ સેકન્ડનું મોડું કર્યું હોત તો તે સવારના પહોરમાં રોડ પર ચત્તોપાટ પડ્યો હોત પણ તેની સમયસૂચકતાને કારણે એક દુર્ઘટના ટળી.

તેણે આટલી બધી વાર 'સર' કહ્યું એટલે મારા મને 'સરપણું' સ્વીકારી લીધું અને હું સરના મૂડમાં આવી ગયો. પણ તેની રિક્ષાને ધક્કો મારવાની રિક્વેસ્ટ સાંભળી મને 9.7 રિક્ટર સ્કેલનો આંચકો લાગ્યો. હું વગર ભૂકંપે હચમચી ગયો પણ એ અડગ રહ્યો. મને થયું કે અડગ મનના મુસાફરને હિમાલય (સર) પણ નડતો નથી એ વાત સાચી છે. હું એની સામે જોઈ રહ્યો. પછી મનોમન બોલી ઊઠ્યો, "અબે લકકડખોદ ઓલાદ, સર પાસે રિક્ષાને ધક્કા મરાવાના!"

મેં તો સાફ સાફ કહી દીધું કે રિક્ષાને ધક્કો મારવાનું મને નહીં ફાવે. તો એ પાછો બોલ્યો, "અરે સર, સહેજ ધક્કો મારી દો ને તરત સ્ટાર્ટ થઈ જશે. તમારા જેવા સર કોઈ યુવાનને એકાદ ધક્કો મારે તો તેની કરિયર બની જાય તો પછી રિક્ષા તો સ્ટાર્ટ થઈ જ જાય ને!"

મેં કહ્યું, "અલ્યા એક બાજુ તું સર કહે છે અને બીજી બાજુ ધક્કો મારવાનું કહે છે." પણ આ રિક્ષાવાળો ધાર્યા કરતાં ઉચ્ચ કક્ષાનો બુદ્ધિજીવી નીકળ્યો. મને કહે, "સર તમારા જેવા ધક્કા મારે તો અમારા જેવા નાના માણસની ઈજ્જત વધી જાય. લોકો જુએ તો પણ અમારી વાહ વાહ કરે કે પેલો રિક્ષાવાળો તો જુઓ આટલા મોટા સર પાસે ધક્કા મરાવે છે." ટૂંકમાં એણે ગમે તેમ કરીને મારી પાસે ધક્કો મરાવવાનું નક્કી કર્યું હતું કારણ કે વહેલી સવારે ત્યાં બીજું કોઈ નહોતું. તે ફરીથી બોલ્યો, "સર અડધો કલાકથી ઊભો છું પણ આ શેરીમાં કોઈ વાહન નીકળ્યું નથી. હમણાં એક બહેન નીકળ્યા'તાં પણ એને તો કહેવાય નહીં. ત્યાર બાદ ઘણા સમય પછી તમે દેખાયા. તમે ભલા અને પરોપકારી લાગ્યા એટલે તમને કહ્યું. બાકી બીજા આલીમવાલીને તો આપણે કહીએ પણ નહીં. આવો ગોલ્ડન ચાન્સ ગમે તેને થોડો અપાય!" આમ કહી તે જાણે મને કોઈ ગોલ્ડન ચાન્સ આપતો હોય એવું ચિત્ર ખડું કર્યું. મેં જરા ઊંચા આવજે કહ્યું, "એટલે અમારી ભલમનસાઈનો આમ ધક્કા મરાવવામાં દુરુપયોગ કરવાનો એમ!"

'વારંવારની વિનંતીઓ થકી છેવટે પાષાણ પણ પીગળે છે તો આપણે તો મનુષ્ય છીએ એટલે થોડું ઘણું તો પીગળવું જ રહ્યું.' એ ધારાધોરણ મુજબ છેવટે હું પીગળ્યો. રિક્ષાવાળાએ રિક્ષામાં બેસી સ્ટીયરીંગ પકડ્યું અને મેં મારી તમામ તાકાત લગાવીને રિક્ષાને ધક્કો માર્યો. ખાસ્સા અંતર સુધી રિક્ષાને ધકેલ્યા પછી તેણે સાતેક ઝટકા માર્યા અને રિક્ષા ઉપડી. તેણે ફુલ એક્સીલરેટર આપ્યું. મને થયું કે હવે તે મને રિક્ષામાં બેસાડીને મારે જ્યાં જવું છે ત્યાં મૂકી જશે પણ બેવફા પ્રિયતમાની જેમ રિક્ષા મને છોડીને નાસી ગઈ. તે મને થેન્ક્યુ કહેવા પણ ન ઊભો રહ્યો. હવે હું સર મટીને અતિ સામાન્ય બની ગયો. હું આગળ ચાલ્યો જતો હતો ત્યાં એક અજાણ્યો માણસ મળ્યો. તેણે એકાએક મને 'થેન્ક્યુ સો મચ સર' કહ્યું એટલે મેં પૂછ્યું, "અરે ભાઈ શાનું થેન્ક્યુ!?"

તે કહે, "રીક્ષાનું થેન્કયુ."

મેં કહ્યું, "પણ તમારી પાસે રિક્ષા ક્યાં છે?"

તેણે કહ્યું, "પેલા રિક્ષાવાળાએ મને કહ્યું કે પાછળ જે સર આવે છે તેને મારા વતી થેન્ક્યુ સો મચ કહી દેજો કારણ કે હું રિક્ષા ઊભી રાખીને તેમને થેન્ક્યુ સો મચ કહેવા જઈશ તો રિક્ષા ફરીથી બંધ પડી જશે તો તેમણે ફરીથી ધક્કા મારવા પડશે. રિક્ષાવાળાએ મને બીજી વાર ધક્કા મારવાનો 'ગોલ્ડન ચાન્સ' ન આપવા બદલ મેં મનોમન તેને "થેન્ક્યુ સો મચ, સર" કહ્યું.

## ગરમાગરમ

સાસુએ વહુને સવારમાં ટોણો મારતા કહ્યું, "જાગો જાગો રાજકુમારી, સૂરજ તમારી પહેલાં ક્યારનો ઊગી ગયો છે." વહુએ રજાઈમાંથી ભોડું કાઢીને કહ્યું, "મમ્મી, સૂરજ મારી પહેલાં સૂઈ પણ જાય છે ને!"